ગુડાના આવાસ નિર્માણના કામમાં ઝડપ અને ગુણવત્તા બન્ને જળવાય તે અનિવાર્ય : ચેરમેન

ગુડાના અધિકારીઓ અને કોન્ટ્રાકટર્સ સાથે ચેરમેને કામની પ્રગતિ અંગે સમીક્ષા બેઠક યોજી સ્થિતિનો તાગ મેળવ્યો : વરસાદી દિવસોમાં પણ આવાસના રહીશોને પરેશાની ન થાય તે અંગે પણ સુચના આપી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ૨૧૦૦ જેટલા એલ આઇ જી આવાસોના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ગુડા વિસ્તારમાં અંદાજિત ૫ હજાર જેટલા નવા આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે. આવાસોના નિર્માણની કામગીરી દરમિયાન ઝડપ અને ગુણવત્તા બન્નેનો સમન્વય જળવાય તે માટે ગુડાના ચેરમેને આજે સમીક્ષા બેઠકમાં અધિકારીઓ અને કોન્ટ્રાકટર્સને તાકીદ કરી હતી કામગીરીની પ્રગતિ સંદર્ભે આજે મળેલી ગુડાની સમીક્ષા બેઠકમાં અધિકારીઓને વહીવટી પ્રક્રીયામાં પણ ઝડપ લાવવા માટે સુચના આપવામાં આવી હતી.

ગાંધીનગર શહેર વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં જરૂરિયાતમંદો માટે નવા આવાસો બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં રાયસણ ,ચિલોડા અને અડાલજમાં આવાસો બાંધવામાં આવ્યા બાદ કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં પણ આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે હાલ વાવોલ, પેથાપુર અને સરગાસણમાં પણ અંદાજિત ૨૧૦૦ જેટલા નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે આ આવાસોની કામગીરીમાં પણ ઝડપ લાવવા માટે કોન્ટ્રાકટર્સને તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય આયોજન હેઠળના ૨૮૦૦ જેટલા આવાસોનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેના માટે પણ વહીવટી કામગીરીમાં પણ ગતિ લાવવા માટે અધિકારીઓને સુચના આપવામાં આવી છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેને ધવલ પટેલે આ અંગે બાંધકામ સંબંધિત કામગીરીની યોજનાઓને અનુલક્ષી પ્રગતિના મુદ્દે સમીક્ષા બેઠક બોલાવી હતી. જયારે આ બેઠકમાં અધિકારીઓ ઉપરાંત કોન્ટ્રાકટર્સ પણ હાજર રહ્યા હતા જયારે આ અન્વયે સમયમર્યાદામાં ચાલતા કામો સંદર્ભે પણ ચેરમેને નોંધ લીધી હતી. જયારે આ તબકકે આવાસ યોજનાની કામગીરી મામલે ઝડપ લાવવા માટે પણ તાકીદ કરવામાં આવી હતી. જયારે આવાસોનુ કામ સમય મર્યાદામાં પુર્ણ થાય તેમજ ગુણવત્તા મામલે પણ કોઇ બાંધછોડ કરવામાં નહીં આવે તે અંગે પણ સ્પષ્ટ સુચના આપી હતી. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં સ્થિત વિવિધ ટી પી યોજનામાં ૫ હજારથી વધુ એકબેડરૂમ હોલ કીચનની સુવિધા ધરાવતા આવાસો બાંધવાની યોજના હાથ ધરવામાં આવી છે. જયારે આ પૈકી હાલ ૨૧૦૦ જેટલા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે આ આવાસોનો ડ્રો પણ થોડા સમય અગાઉ જ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય મકાનો મામલે પણ ગુડા કક્ષાએથી ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. ગુડાની આ સમીક્ષા બેઠક દરમિયાન આવાસ યોજનાના રહીશોએ વરસાદના સંજોગોમાં કોઇ હાલાકી ન વેઠવી પડે તે માટે પણ વિશેષ કાળજી કરવા માટે જણાંવાયુ હતુ.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુડાની પ્રથમ રાયસણ અને અડાલજ સહીતની આવાસ યોજનાના લાભાર્થીઓ સુવિધાના અભાવે પરેશાન છે. ત્યારે આ મામલે પણ યોગ્ય વિચારણા હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

રામકથા મેદાનમાં સખી મેળાનો શુભારંભ

વંદે ગુજરાત : ૨૦ વર્ષનો વિશ્વાસ, ૨૦ વર્ષનો વિકાસ પ્રદર્શન અને સખી મેળાનો ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે શુભારંભ : સખી મંડળોની બહેનો દ્વારા બનાવવામાં આવેલી ટેસ્ટી પાણીપુરી અને લાઇવ હાંડવાની મજા ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ માણી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના રામકથા મેદાન ખાતે આયોજિત વંદે ગુજરાત : ૨૦ વર્ષનો વિશ્વાસ, ૨૦ વર્ષનો વિકાસ પ્રદર્શન અને સખી મેળાનો આજે ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ દીપ પ્રાગટ્ય કરીને શુભારંભ કરાવ્યો હતો. ગૃહ રાજયમંત્રીશ્રીએ ગુજરાતની ૨૦ વર્ષની તપસ્યાને ૨૦ વર્ષના વિકાસને ઉજાગર કરતું ' વંદે ગુજરાત' પ્રદર્શન નિહાળ્યું હતું. અને વિસ્તૃત માહિતી મેળવી હતી.

ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ સખી મંડળોના વિવિધ ૭૫ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. તેમણે દરેક સ્ટોલે જઇ તે મહિલાઓની પ્રવૃત્તિઓની જાણકારી મેળવી હતી. તેમણે બાળકોના અભ્યાસ માટેના ટેબલ, ક્રિકેટ રમવાના બેટ, નાના બાળકો માટેની હેન્ડ સાયકલ જેવી ચીજ વસ્તુઓ બનાવતા સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. તેમજ ભરતગૂંથણ, કચ્છી ભરતકામ કરેલા ડ્રેસ, ચંપલ, શૃંગાર, માટી કામની આઇટમો, બાળકો માટેના મેજીકલ રમકડા, લેડીઝ ભરત ગૂંથણવાળા પાકીટ, સાડી, ડ્રેસ અને ડ્રેસ મટીરીયલ્સ, કોસ્મેટિક આઇટમો જેવા વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઇને ઉપસ્થિત ઉદ્યમશીલ મહિલાઓ સાથે વાતચીત કરી તેમના વેપાર વ્યવસાય વિશે માહિતી મેળવી હતી.

ખાણી-પીણીના સ્ટોલ પર હેલી મિશન મંગલમૂની બહેનોએ બનાવેલી પાણીપુરીનો ટેસ્ટ પણ ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કર્યો હતો. તેમને પાણીપુરીનો ટેસ્ટ મજાનો લાગતા તેમણે તેમની સાથે આવેલા ગાંધીનગરના મેયર શ્રી હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જસંવતભાઇ પટેલને પણ પાણીપુરીનો ટેસ્ટ કરાવ્યો હતો. તેમજ પારેખ ડિમ્પલબેનના સ્ટોલ પર લાઇવ હાડવાની મજા માણી હતી. બહેનોના હાથે તૈયાર થયેલી આ સ્વાદિષ્ટ વાનગીઓ ચાખીને તેમણે સખી મંડળીની બહેનો પ્રત્ય આભાર પણ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના શ્રી મુકેશ દવે, જીતેનભાઇ પારેખ સહિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરના આકાશમાં ઘેરાતા વાદળો જાણે સૌને એપ્રિલ ફૂલ બનાવી રહ્યા છે. આકાશમાં ઘેરાતા વાદળો વરસાદી માહોલનો આભાસ આપે છે પરંતુ તેનાથી ગરમી જરાય ઓછી થઈ નથી. હજુ ખુબ બફારો અનુભવાય છે. બપોરના સમયે તો એટલો બધો ઉકળાટ હોય છે કે ત્રાહીમામ પોકારી જવાય. ગરમીથી રાહત મેળવવા માટે વસાહતીઓ તમામ ઉપાયો કરી રહ્યા છે. ઠંડા પીણા અને બરફગોળાની લારીઓ પર હજુ જમાવડો જોવા મળે છે. મોડી રાત સુધી ઉકળાટ રહેતા બરફગોળાની લારીઓ અને ઠંડા પીણાના સ્ટોલ્સ પર ઘરાકી જામેલી રહે છે.

લોકરક્ષક દળની ભરતીની પરીક્ષાનું પરિણામ જાહેર

જનરલ કેટેગરીનું કટઓફ ૮૦.૩૦૦એ અટક્યું હતું.

ગાંધીનગર, તા.૨૮

લોકરક્ષક દળની ભરતીની બહુપ્રતિક્ષિત પરીક્ષાનું પરિણામ આજે જાહેર થઇ ચુક્યું છે. ગુજરાતનાં લાખો વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે જોડાયેલું આ પરિણામ આખરે જાહેર થઇ ચુક્યું છે. પેપર ફુટવાની ઘટનાઓ અને યુવાનોમાં અસંતોષને ખાળવા માટે હસમુખ પટેલ દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. જો કે કેટલાક તત્વો દ્વારા તેમ છતા પણ પેપર ફોડવાના પ્રયાસો કરાયા હતા. જો કે આખરે અનેક સવાલો છતા પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું હતું.

ગુજરાતમાં LRDના જાહેર થયેલા પરિણામ અનુસાર જનરલ કેટેગરીનું કટઓફ ૮૦.૩૦૦ એ અટક્યું હતું આટલા માર્ક ધરાવતા ૭૨૧૬ ઉમેદવારોની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ જ પ્રકારે EWS નું ૭૦.૭૦૫ માર્ક મેરિટ અટક્યું જે હેઠળ ૧૮૦૭ ઉમેદવાર, SEBC ૭૪.૬૧૦ એ જેના હેઠલ ૪૨૬૦ ઉમેદવાર, SC નું ૭૦.૧૯૫ એ જેના હેઠળ ૧૧૫૬ ઉમેદવાર, STનું ૫૮.૫૮૫ એ જેના હેઠળ ૨૫૪૨ ઉમેદવારો આગળની પ્રક્રિયા માટે પસંદ થયા છે. બીજી તરફ મહિલા ઉમેદવારોમાં જનરલ કેટેગરીનું કટ ઓફ ૬૬.૭૨૫ એ અટક્યું જેના હેઠળ ૧૭૫૦ મહિલા, EWS નું ૫૦.૦૩૫ એ જેના હેઠળ ૩૫૮ મહિલા, SEBC નું ૬૧.૩૫૦ એ જેના હેઠલ ૯૧૧ મહિલા SC નું ૫૯.૪૭૦ એ ૨૬૨ મહિલા, STનું ૫૦.૦૩૫ એ જેના ૪૬૭ મહિલાઓની આગળની પ્રક્રિયા માટે પસંદગી થઇ હતી.

માજી સૈનિકોના મેરિટમાં જનરલ ૬૫.૨૩૫ એ જેના હેઠળ ૫૦, EWSનું ૬૬.૯૦૦ એ જેના હેઠળ , SEBC નું ૫૯.૮૦૦ એ જેના હેઠળ ૪૪નું SCનું ૫૬.૮૨૦ જેના હેઠળ ૦૯, STનું ૬૨.૧૭૫ જેના હેઠળ ૦૧ ઉમેદવારની પસંદગી આગળની પ્રક્રિયા માટે થઇ હતી.

કામરેજના શિક્ષકે શાળાના વિદ્યાર્થીને ડંડાથી માર માર્યો વિડીયો વાયરલ

સમગ્ર માર મારવાનો વીડિયો હાલ CCTVમાં કેદ થયો : માર એટલો ગંભીર હતો કે જૈનિલ ઘાયલ થયો હતો : ઘરે આવીને ખુબ જ દુખાવો થતા માતા-પિતાને વાત કરી હતી

બારડોલી, તા.૨૮

કામરેજના ખોલવાડ ખાતે આવેલી એક ખાનગી શાળાના વિદ્યાર્થીને શિક્ષક દ્વારા ઢોરમાર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જે સમગ્ર માર મારવાનો વીડિયો હાલ ઝઝૂફમાં કેદ થયો છે. આ અંગે વાલીઓમાં પણ ખુબ જ રોષ જોવા મળી રહ્યો છે. કામરેજ તાલુકાના ખોલવાડ ગામે આવેલી દેવર્સી'સ શાળામાં ૭માં ધોરણમાં ભણતા જૈનિલ કવા ગતરોજ પોતાના મિત્રો સાશે રીષેશ ટાઇમમાં મસ્તી મજાક કરતો હતો. દરમિયાન રિષેશ પુર્ણ થયા બાદ કૌશિક નામના શિક્ષકે સ્ટીલના પાઇપ વડે ધોરણ ૭માં ઝણતા જૈનીલને માર માર્યો હતો.

આ માર એટલો ગંભીર હતો કે જૈનિલ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જૈનિલે ઘરે આવીને ખુબ જ દુખાવો થતા માતા-પિતાને વાત કરી હતી.

વાલીએ જૈનિલના પગ ચેક કરતા આખા પગ પર તેને ચાઠા હતા. જ્યારે વાલીઓએ આ અંગે ફરિયાદ કરતા શાળા તંત્ર બચાવની મુદ્રામાં જોવા મળ્યું હતું. ત્યારે આ મુદ્દે વાલીઓ પર ગંભીર આક્ષેપો લગાવવામાં આવી રહ્યા છે. હાલ તો શિક્ષક દ્વારા મારવામાં આવેલા મારના ઝઝૂફ ખુબ જ વાયરલ થઇ રહ્યા છે. શિક્ષક દ્વારા માત્ર એક વિદ્યાર્થી જ નહી પરંતુ બીજા પણ ઘણા વિદ્યાર્થીઓને પણ માર માર્યો હતો.

રાજ્યમાં કોરોનાના નવા ૪૭૫ કેસ

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત રાજ્યમાં આજે કોરોનાના કુલ ૪૭૫ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૨૪૮ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૭,૨૧૫ દર્દીઓએ કેરેનાને મ્હાત આપી છે. જો કે સતત વધી રહેલા કોરોનાના કેસના પગલે રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ઘટીને ૯૮.૮૮ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કે બીજી તરફ કોરોના રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કોરોનાના કુલ ૫૨,૭૨૧ ડોઝ અપાઇ ચુક્યાં છે.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કોરોનાના કુલ ૨૭૯૩ એક્ટિવ કેસ છે. જે પૈકી કોઇ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. તમામ ૨૭૯૩ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત ૧૨,૧૭,૨૧૫ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. આ ઉપરાંત કોરોનાને કારણે કુલ ૧૦,૯૪૬ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે, આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૨૧૧, સુરત કોર્પોરેશનમાં ૭૬, વડોદરા કોર્પોરેશનમાં ૩૫, જામનગર કોર્પોરેશન ૧૭, મહેસાણા ૧૪, ગાંધીનગર, વલસાડમાં ૭-૭, અમદાવાદ , જામનગર, રાજકોટ કોર્પોરેશનમાં ૫-૫, મહીસાગર, સાબરકાંઠામાં ૨-૨, પંચમહાલ અને સુરેન્દ્રનગરમાં ૧-૧ કેસ નોંધાયા છે આ પ્રકારે કુલ ૪૭૫ કેસ નોંધાયા હતા.

હે ભગવાન હવે વરસાદ આપો તો સારું

ભાવનગર,તા.૨૮

ભાવનગર જિલ્લાના ખેડૂતો વરસાદ ખેંચાતા હજારો રૂપિયાનું મોંઘુ બિયારણ નિષ્ફળ જવાના ડરથી મૂંઝવણ અનુભવી રહ્યા છે. ચોમાસાના પ્રારંભે સારો વરસાદ થતાં ખેડૂતો દ્વારા વાવણીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો હતો, પરંતુ વાવણી બાદ ખેતીને જોઈએ એવો વરસાદ નહિ થતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. તેમજ ઈશ્વર પાસે સારા વરસાદની આજીજી કરી રહ્યા છે. ભાવનગર જિલ્લામાં આ વર્ષે ઉનાળો પૂરો થતાં ખેડૂતોએ વાવણી કરવા માટે જમીન ખેડવાનો પ્રારંભ કરી દીધો હતો અને વાવણી માટે ખાતર છાંટી જમીન તપાવીને તૈયારી કરી લીધી હતી. ત્યાર બાદ સમયસર ચોમાસાનો પ્રથમ વરસાદ થતાં ખેડૂતોએ વાવણીનો પણ પ્રારંભ કરી દીધો હતો. ખેડૂતો દ્વારા જિલ્લામાં કપાસ, બાજરી, જુવાર, મગફળી અને ઘાસચારા સહિત આશરે દોઢ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. પરંતુ વાવણી કર્યા બાદ ઘણા લાંબા સમયથી વરસાદ ખેંચાઇ રહ્યો છે. જે ખેડૂતોની વાડીઓમાં પિયતની સગવડ છે એવા ખેડૂતોને હાલ તો વાંધો આવે એમ નથી.

સમસ્યા ગંભીર

● અનુસંધાન પાંચમાનું ચાલુ.

છેલ્લા બે દિવસમાં સે-૧૬ માં પણ પાટનગર યોજના ભવન પાછળ રખડતી બે ગાયની તબિયત લથડતા એકનુ મોત નિપજયુ હતુ જયારે અન્ય એક ગાયને કોર્પોરેશન દ્વારા સારવાર અર્થે લઈ જવાઈ હતી. ગાયને તરફડતી જોઈને સ્થાનિકો દ્વારા વેટરનિટી ડોકટરને પણ જાણ કરવામાં આવી હતી જેમાં એક ગાયને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી જેમાં એકનુ મોત નિપજયુ હતુ જયારે અન્ય એકની હાલત પણ ગંભીર હોવાથી તેને સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. સ્થાનિકોના મતે રખડતી ગાયને કોઈ ખાદ્યપદાર્થની ઝેરી અસર થઈ છે. શહેરમાં રખડતા ઢોરની સમસ્યાના લીધે ઢોર માથે પણ ખતરો મંડરાયો છે. જયારે આમ નાગરિકોની સલામતી સામે તો અનેકવાર પ્રશ્નાર્થ ઉઠવા પામ્યો છે.

થોડો ફેરફાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાળકો પણ રથયાત્રામાં આકર્ષણનુ કેન્દ્ર બનશે. રથયાત્રા દરમિયાન વેપાર ધંધાના પ્રચાર કરતા સાહિત્ય કયાંક પણ ન ચિપકાવવા માટે મનાઈ ફરમાવામાં આવી છે. આ ઉપરાંત ધાર્મિક લાગણી દુભાય તેવી પત્રિકાનુ પણ વિતરણ કરવાની પણ મનાઈ છે. જયારે ભગવાનની રથયાત્રામાં ફિલ્મી ગીતો ન વગાડવા ઉપરાંત કોઈપણ રાજકીય પ્રચાર પ્રસાર થાય તેવા સુત્રોચ્ચાર પણ ન કરવા માટે જણાંવાયુ છે. રથયાત્રા દરમિયાન સે -૨૯ માં જલારામ ધામ ભગવાનના મોસાળમાં ભાવિકો માટે મહા પ્રસાદનુ આયોજન કરવામાં આવ્યુ છે. દરવર્ષે ભગવાનના મોસાળમાં જલારામ ધામ ખાતે ભાવિકોને માલપુંઆ અને ખીચડી શાકનો પ્રસાદ પિરસવામાં આવે છે. જલારામ ધામના આગેવાનો દ્વારા મહાપ્રસાદની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે.

કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૧૯ જે વી.આઈ.પી. સેક્ટર ગણાય છે ત્યાંથી આજે એક કેસ મળેલ છે. ૩૧ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવક મુંબઈ ગયો હતો અને ૨૬ જૂને પરત ફરેલ છે. તાવ અને અન્ય લક્ષણો જણાતા ટેસ્ટ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે નોંધાયેલા કેસો સાથે શહેરમાં આજે ૫૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક જ દિવસમાં કોરોનાના લાંબા સમય બાદ ૭ કેસ નોંધાતા તંત્ર બેબાકળુ બની ગયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરમાં ૪, કલોલમાં ૨, માણસામાં એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪ કેસ મહિલા દર્દીના છે. તેમજ ત્રણ દર્દી ૬૦ થી વધુ વયના છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી આજે ત્રણ કેસ મળ્યા છે. જેમાં ૩ મહિલા દર્દી તેમજ એક ૩૩ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. અડાલજ એ ત્રીજી લ્હેરમાં પણ સંવેદનશીલ વિસ્તાર હતો. આ વખતે પણ કેસોની સંખ્યા અહિ વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

કલોલ તાલુકામાં આજે બે કેસ નોંધાયા છે. બન્ને કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. તાલુકાના મોખાસણ ગામે ૬૦ વર્ષીય પુરૂષ અને નારદીપુર ગામેથી ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

માણસા તાલુકામાં ઈટાદરા ગામેથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ દર્દીઓ સાથે ૩૭ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્યવિસ્તારમાં ૧૫૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

કવાયત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમક્ષ આજીજી કરીને બહુમતી સાબિત કરવાની માંગ કરવાનો અધિકાર છે. શિવસેના પાસે કુલ ૫૫ ધારાસભ્યો છે, જેમાંથી બે તૃતીયાંશનો આંકડો ૩૭ છે. શિંદે જૂથનો દાવો છે કે તેની પાસે આ આંકડો છે. જો આ વાત સાચી હોય તો શિવસેના સાથે સંબંધ તોડવાની ઔપચારિકતા પૂરી કરીને તે કોઈપણ પક્ષમાં ભળી શકે છે. તેમની પાસે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) અને ભારતીય જનતા પાર્ટી (બીજેપી) વચ્ચે પસંદગી કરવાનો વિકલ્પ છે. ધ્યાનમાં રાખો કે બળવાખોરોએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) અને કોંગ્રેસ પક્ષ સાથે સરકાર બનાવવાનો વિરોધ કર્યો છે, તેથી આ બંને પક્ષોમાં બળવાખોર જૂથના વિલીનીકરણની શક્યતા દૂર નથી. સંપૂર્ણપણે, એવી દરેક શક્યતા છે કે શિવસેના તેના ધારાસભ્યોને બહુમત પરીક્ષણની તરફેણમાં અને અવિશ્વાસ પ્રસ્તાવની વિરુદ્ધમાં મત આપવા માટે વ્હિપ જારી કરશે. જો કે, એકનાથ શિંદે જૂથનું કહેવું છે કે તેની પાસે તેના બે તૃતીયાંશ કરતાં વધુ ધારાસભ્યો હોવાથી, તેને વ્હીપ જારી કરવાનો અધિકાર પણ છે. આવી સ્થિતિમાં કાયદાકીય મુશ્કેલીમાં પણ ફસાઈ શકે છે.

નિષ્ણાતોના મતે, માત્ર ઉદ્ધવ જૂથના મુખ્ય દંડક અજય ચૌધરીને જ બંધારણીય માન્યતા આપવામાં આવશે કારણ કે શિવસેનામાં વિભાજનને હજી બંધારણીય અથવા કાયદાકીય સ્ટેમ્પ આપવામાં આવ્યો નથી. જ્યાં સુધી એકનાથ શિંદે જૂથને શિવસેનાથી અલગ નવા પક્ષની માન્યતા નહીં મળે ત્યાં સુધી તેના વ્હીપને માન્યતા આપવામાં આવશે નહીં.

પક્ષપલટાના નિયમ મુજબ, કોઈપણ પક્ષના નવા જૂથને ઓછામાં ઓછા બે તૃતીયાંશ સભ્યોના વિરામ પછી જ બંધારણીય માન્યતા મળી શકે છે. એકનાથ શિંદે જૂથ દાવો કરે છે કે તેની પાસે ૪૦ થી વધુ ધારાસભ્યો છે, જે શિવસેનાના કુલ ૫૫ ધારાસભ્યોના બે તૃતીયાંશ કરતા વધારે છે. આ સ્થિતિમાં નવી પાર્ટીની રચના થઈ શકે છે. બીજો વિકલ્પ એ છે કે શિંદે જૂથ ભાજપ અથવા મનસેમાં ભળી જાય.

પહેલેથી જ ઉલ્લેખ કર્યો છે તેમ, મહારાષ્ટ્ર વિધાનસભામાં ભાજપ પાસે ૧૦૬ ધારાસભ્યો છે. આવી સ્થિતિમાં સરકાર બનાવવા માટે ઓછામાં ઓછા ૩૯ ધારાસભ્યોની જરૂર છે. આ સંખ્યા શિવસેનાના એકનાથ શિંદે જૂથની છે. આવી સ્થિતિમાં ભાજપને અહીં-તહીં જોવાની જરૂર નથી. આવી સ્થિતિમાં ભાજપ અને શિંદે જૂથ મળીને નવી સરકાર બનાવી શકે છે, જેનું નેતૃત્વ દેવેન્દ્ર ફડણવીસ કરી શકે છે.

૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં ૧૦૬ ધારાસભ્યો સાથે ભાજપ એકમાત્ર સૌથી મોટો પક્ષ છે. શિવસેનાએ ૫૬ ધારાસભ્યો જીત્યા હતા, પરંતુ એક ધારાસભ્યના મૃત્યુ બાદ હવે તેની પાસે ૫૫ ધારાસભ્યો છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) પાસે ૫૩ ધારાસભ્યો છે જ્યારે કોંગ્રેસ પાસે ૪૪ ધારાસભ્યો છે. આ સિવાય સમાજવાદી પાર્ટી (એસપી) પાસે ૨, બીવીએ ૩, પીજીપી ૨, એઆઈએમઆએમ ૨ અને ૯ અપક્ષ

પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આપણે સહુ જાણેઅજાણે ક્યારેક ને ક્યારેક પાછા મુળ સ્થિતિમાં તો આવીએ જ છીએને..ચાલવું ,દોડવું,બેસી જવું,ઘરમાં ભરાઇ જવું .ગાયબ થવું અને પાછા પ્રગટ થવું એ જ આમ તો જીવવાનો લય છે..હમણાંથી મારો કર્મ પણ બદલાયેલો હતો .એમાં પણ ઉઘાડબંધ થતા આકાશે તો લગભગ મને સ્થગિત કરી નાખ્યો હતો..ખુશનુમા સવારની એક છાલક જયાં ફરી વળી હું સડક ઉપર છવાઇ ગયો હતો! લાગે છે કે હું હવે ખરેખર થાળે પડી રહયો છું !

એમ પણ બને

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ભીંજાવા કેદ થઈ છું...
વરસાદનું બુંદ
મારી નાભિમાં ભરી
હું પોતે જ મારી કુદરત થઈ છું.."!

મારી જ આ કૃતિનો નાનકડો અંશ વરસાદની અનુભૂતિનો મનભરીને સાક્ષાત્કાર કરાવી જાય છે

પોતાનાં મનનાં આકાશે જ ભીંજાવાની ક્ષણ ઋજુ લાગણીઓ ધરાવતી વ્યક્તિ જ પામી શકે..! તો ચાલો આપણે આવાં બની જઈએ.

પીડા આપનારી એ દરેક અનુભૂતિ જે નિરાશાના વાદળોમાં ઘેરાઈ ગઇ હતી એને હળવેકથી કહી દઈએ કે હું શૂરવીર છું અને મેં નિર્બળ વિચારોને ભૂંસી નાખ્યા છે.

જીવનને જોવાનો એક નવો જ દ્રષ્ટિકોણ અપનાવી લીધો છે.

ચાલો ! આકાશ પણ પોતાનું આગવું અને ને વરસાદ પણ પોતે ઈચ્છે એવો મનગમતો..! બનાવી લઈએ.

પોતાની સંવેદનાઓને પોતાની મરજી મુજબ વરસવાની છૂટ મળે ત્યારે ભીંજાવાની વ્યાખ્યામાં ઘણોબધો ફેરફાર થઈ જતો હોય છે, પણ વ્યાખ્યા ને બદલવી જ રહી જે કામ આપણે કરવાનું છે.

આવી સ્વયંભૂ રીતે ભીંજાવાની ઘટના આત્મવિશ્વાસ એકસામટો ઉમટી પડે છે ને આત્મસંતોષ આપણને નખશિખ લીલાછમ્મ બનાવી દે છે

પોતાની નાભિમાં વરસાદનું બુંદ ભરીને વરસવાની ઝંખના પોતે પોતાની જ કુદરત બન્યાનો અહેસાસ અપાવે છે.

આવો અહેસાસ આપણી કોરીધાક્કોર હયાતીને ફરીથી પલાળી દેવાં સક્ષમ હોય છે ને ભાંગી પડેલી જીજીવિષાઓ ફરીથી ટટ્ટાર થઈને ચાલવાં લાગે છે.પોતે જ વાદળાઓનું સર્જન કરીને, પોતે જ મનગમતી જગ્યાએ વરસવાનું નક્કી કરીને, પોતે જ એ વરસાદનાં બુંદને પોતાની નાભિમાં ભરીને પોતે જ પોતાની કુદરત બન્યાનો ઉત્સાહ આપણાં શ્વાસોની ગતિનો લય એકદમ લયબદ્ધ કરી આપે છે ને જીંદગીની બચેલી ક્ષણોને મનભરીને માણી લેવાની ઉત્કંઠા જાગી ઉઠે છે..!